આજે આકાશવાણી પર મુખ્યમંત્રીનો સંદેશ

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૬૬માં સ્વાતંત્ર્ય પર્વપ્રસંગેપ્રજાજનોનેપ્રજાજોગ સંદેશ આપશે. મુખ્યમંત્રીશ્રીનો આ પ્રજાજોગ સંદેશ આકાશવાણી, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભુજ કેન્દ્ર પરથી તા. ૧૪ ઓગષ્ટ ૨૦૧૨ના મંગળવારે રાત્રે૯.૧૬ કલાકે તથા દુરદર્શન અમદાવાદ કેન્દ્ર ડી.ડી. ગિરનાર પરથી ૧૫ ઓગષ્ટ બુધવારે સવારે ૮.૩૦ કલાકે પ્રસારિત થશે. મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશ ૧૪ ઓગષ્ટ ૨૦૧૨ના મંગળવારે ટીવી-૯ ગુજરાતી પરથી સાંજે ૬.૩૦ કલાકે, ઈ-ટીવી ગુજરાતી પરથી સાંજે ૯.૩૦ કલાકે, વી ટીવી ગુજરાતી અને જી.ટી.પી.એલ ન્યૂઝ ચેનલ પરથી સાંજે ૭.૩૦, બીઝ ન્યુઝ અને ઈઝી એજયુકેશન પરથી સાંજે ૮-૦૦ કલાકે પ્રસારિત થશે.

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે આજે જૂનાગઢમાં સ્નેહ સંમેલન

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી નિમિત્તે ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૨ના રોજ સાંજે ૪.૩૦ વાગે પોલીસ ટ્રેનિંગ કોલેજ ગ્રાઉન્ડ, જૂનાગઢ ખાતે સ્નેહ સંમેલનનું ઓયાજન કરવામાં આવ્યું છે.

સ્વાતંત્ર્ય દિને રાજ્યપાલશ્રીના હસ્તે રાજભવનમાં ધ્વજવંદન

ભારતના સ્વાતંત્ર્ય દિવસ-૧૫મી ઓગષ્ટના રોજ ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી રાજભવનના પટાંગણમાં સવારે ૮-૦૦ વાગ્યે રાષ્ટ્રધ્વજ લહેરાવી ધ્વજવંદન કરશે. ત્યારબાદ, રાજ્યપાલશ્રીના હસ્તે વૃક્ષારોપણ કરાશે. સ્વાતંત્ર્ય દિને પર્વ પ્રસંગે રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં ૧૫મી ઓગષ્ટે રાજભવન ખાતે સાંજે ૫.૦૦ વાગે 'સ્નેહ સંમેલન'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા નિઃશુલ્ક 'નેત્ર ચિકિત્સા કેમ્પ'નું આયોજન ૨૬મી ઓગષ્ટના રોજ સવારે નવ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સેકટર-૧૭ ખાતે કરવામાં આવ્યું છે.

નેત્ર ચિકિત્સા કેમ્પમાં અમદાવાદના આઈ કેર હોસ્પિટલના ડૉકટર શશાંક રાઠોડ દ્વારા આંખના ખામીયુકત ભાગો અંગે તેમજ તેના નિવારણ માટે નિઃશુલ્ક તપાસ કરી માર્ગદર્શન અપાશે. કેમ્પમાં વધુમાં વધુ ત્રણસો પેશન્ટને તપાસવામાં આવતા હોવાથી રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે.

જામનગર જિલ્લાની અછત સ્થિતિના મુકાબલાની સમીક્ષા કરતાં મુખ્યમંત્રી

અંગ્રેજોના જમાનાના અછત મેન્યુઅલના જૂની ઢબના વહીવટી ઢાંચામાંથી બહાર આવીએ : મુખ્યમંત્રી

પાણી અને ઘાસચારાની સમસ્યાનું અછત સમયે જ શા માટે સમાધાન ? કાયમી કેમ નહીં ?

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સૌરાષ્ટ્રમાં સંપૂર્ણ અછતગ્રસ્ત જામનગર જિલ્લાની અછત પરિસ્થિતિના પડકારને પહોંચી વળવા જિલ્લા તંત્ર સાથે યોજેલી સમીક્ષા બેઠકમાં અંગ્રેજોના સમયનાં અછત મેન્યુઅલના અછતની જૂની વહીવટી ઢબ છોડીને અછતની આપતિને અવસરમાં પલટાવવાનું સામુહિક ચિન્તન કરવા આહવાન આપ્યું હતું.

થાગડ થીગડ રાહતના કામ કરીને સંતોષ માનવાને બદલે કાયમી રાહત માટેની અસ્ક્યામતોનું નિર્માણ કરવાનો પડકાર ઝીલવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા -ભારી મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, સહ -ભારી રાજયમંત્રી શ્રી મોહનભાઈ કુંડારીયા, રાજયમંત્રી શ્રી વસુબેન ત્રિવેદી, ધારાસભ્યશ્રીઓ, -ભારી સચિવ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ ભાગ લીધો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જામનગર જિલ્લાના ૧૦ તાલુકાના ૬૯૮ ગામો અને ૧૬ શહેરોમાં પીવાના પાણી, ઘાસચારો, સિંચાઈના પાણી, ખેતીવાડી અને ગ્રામરોજગારીના પગલાંના આયોજનની સમીક્ષા કરી હતી.

આ વર્ષના દુષ્કાળના મુકાબલો કરવામાં માત્ર તત્કાલ રાહતના પગલાં નહી પરંતુ કુદરતે કરેલી કસોટીમાંથી પાર

ઉગારવાની સાથે જળ સંગ્રહ અને પોષણયુક્ત ઘાસચારાના સંગ્રહની ઉપલબ્ધીના વૈજ્ઞાનિક ઉપાયોનું સામુહિક મંથનનું નવો ચીલો ચીતરવા અછતની આફતને મોડેલરૂપ અવસરમાં બદલીને આપતિ વ્યવસ્થાપનની કાયમી સ્વરૂપ અસ્ક્યામતો ઉભી કરવા મુખ્યમંત્રીશ્રીએ ેરક માર્ગદર્શન આપ્યુ હતું. ઘાસ બચાવો જનજાગરણ અભિયાન સાથે ગામે ગામ કોમ્યુનિટી ચાફ કટરની મુવમેન્ટ ઉભી કરવા તેમણે સુચવ્યુ હતું.

નર્મદાના જળસ્રોતને ધ્યાનમાં લઈ જળવ્યવસ્થાપન કરવા, દુષ્કાળમાં કુપોષણ મુક્તિ માટે સુખડી પોષક આહરનું સામાજીક શકિતને જોડીને અભિયાન હાથ ધરવાના ેરક સુચનો તેમણે કર્યા હતા.

દરીયાકાંઠે અછત સંકટનો -તિકાર કરવા માટે મિશન મંગલમ દ્વારા સી-વીડ-ખેતી માટે સખીમંડળોને નેત્સાહીત કરવા તેમણે તાકીદ કરી હતી. નર્મદા કેનાલમાં ધાંગ્રધ્રા કેનાલ અને ધોળીધજા ડેમના પાઈપ લાઈન નેટવર્કના કામો ઝડપથી પુરા કરી જામનગર અને રાજકોટને વધારાનું પાણી પુરવઠો આપવાના આયોજનની -ગતિની સમીક્ષા બેઠકમાં કરવામાં આવી હતી.

ખેતીવાડી ઉપર અપુરતી વરસાદની વિપરીત અસરો નિવારવા અને વૈકલ્પિક પાક પધ્ધતિ અને ઘાસચારા પાકોની વૈજ્ઞાનિક પદ્ધતિ તેમજ સિંચાઈના સાધનો કૃષિવિષયક વીજળી પુરવઠા વિષે મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યુ હતું.

મનરેગાનો ઉપયોગ તળાવો ઉંડા કરવા અને ડેમ જળાશયોનું ડિસીલ્ટીગ કરવાનું અભિયાન ઉપાડવા પણ મુખ્યમંત્રીશ્રીએ તાકીદ કરી હતી.

શહેરી પાણી પુરવઠા ેજેકટની -ગતીની મુખ્યમંત્રીશ્રીએ સમીક્ષા કરી હતી. જિલ્લા પંચાયત -મુખ ડો. પી. બી. વસોયા, ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરા, શ્રી લાલજીભાઈ સોલંકી, શ્રી મેઘજીભાઈ કણઝારીયા, સહીત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત હતા. જિલ્લા કલેકટર શ્રી સંદિપકુમાર જિલ્લાની સ્થિતિ અંગે અને શ્રી અનુપમે શહેરની અછત સ્થિતિ અંગે ેઝન્ટેશન રજુ કર્યુ હતુ.

શ્રાવણીયા સોમવારે સોમનાથ મંદિરમાં જઈ ભક્તિભાવથી પૂજા-દર્શન કરતા નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે શ્રાવણ માસના પવિત્ર સોમવારે સોમનાથ મંદિરમાં જઈ જયોતિર્લિંગ સોમનાથ મહાદેવના ભક્તિભાવથી પૂજા-દર્શન કર્યા હતાં. સાગરખેડૂ સંમેલનમાં સાગરખેડૂ સમાજની વિરાટ જનશકિતનું અભિવાદન કરતાં પૂર્વે મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવ મંદિરે હજારો શ્રધ્ધાળુ-ભાવિકોના ભક્તિભાવમાં સહભાગી થઈને સોમનાથદાદાના દર્શન કર્યા હતાં. મુખયમંત્રીશ્રીનું મંદિરમાં આગમન થયું ત્યારે હરહર મહાદેવના નાદ સાથે મંદિરનું વાતાવરણ ગુંજી ઉઠયું હતું. મુખ્યમંત્રીશ્રીની પૂજા અર્ચના શાસ્ત્રોકતવિધિ સાથે મંદિરના પૂજારી શ્રી દિપક ત્રિવેદીએ કરાવી હતી.

શબ્દાવલી - ૪૮૧૬



આડી ચાવી

૧. હોબાળો, સનસનાટી (૪)
૪. ખલાસી, વહાણ ચલાવનાર (૩)
૬. ભગવાન, અલ્લાહ (૨)
૭. નાજુકાઈ, કુમળાશ (૪)
૯. જવાબદારી (૩)
૧૧. કુવાવાળુ ખેતર (૨)
૧૨. પાછા આવવાનું અંગ્રેજી (૩)
૧૫. જુગાર, યે જિન્દગી હૈ એક... કભી જીત ભી કભી હાર ભી... (૨)
૧૬. કડક હોવું તે (૪)
૧૮. કૃષ્ણ ભગવાનને... પણ કહે છે (૪)
૨૦. સંજોગોવશાત (૫)

ઊભી ચાવી

૧. ઉપરાણું લેવું તે (૫)
૨. રીંગ, વાળ બાંધવા... નંખાય... (૩)
૩. એક અંગ્રેજી તોલ (૨)
૪. ભસ્મીભુત, સળગી ગયુ હોય તેવું (૨)
૫. ચામડીનો એક રોગ (૩)
૮. જનકનંદની સીતા (૩)
૧૦. સંભાળ, સાચવણી (૩)
૧૪. ટપ એવો થતો રોટલા ઘડવાનો અવાજ (૩)
૧૫. એક ફુલની વેલ (૨)
૧૬. કંકાશ, ઝગડો (૩)
૧૭. ... વાઘ કરવું, નાની વાતને મોટું સ્વરૂપ સ્વરૂપ આપવું.
૧૮. ભરેલો ના હોય તેવો (૨)
૧૯. ... લાગે ત્યારે કુવો ના ખોદાય (૨)

શબ્દાવલી ૪૮૧૫ના જવાબ

આડી ચાવી :- (૧) અપવાદ (૪) ગીલેટ (૬) પલ (૭) કીકારો (૯) શુકનિયાળ (૧૨) તનુજા (૧૩) મચ્છી (૧૪) નભ (૧૬) સીળસ (૧૮) ણદા (૨૦) ફડચો (૨૩) જુકામ (૨૪) ચળકાટ (૨૫) રાન (૨૬) ચળકાટ

ઊભી ચાવી :- (૧) અપશુકન (૨) પલક (૩) દકીયાનુસી (૪) ગીરો (૫) ટબ (૮) કાળજાળ (૧૦) નીત (૧૧) કામ (૧૫) ભણકારા (૧૭) સફળતા (૧૯) દામન (૨૧) ડકાર (૨૨) ચોટલો

કોંગ્રેસની કર્મચારીઓ અંગેની જાહેરાતને જિલ્લા કોંગ્રેસનો આવકાર

ગાંધીનગર, તા. ૧૩

આગામી ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં પ્રજાજનોના સથવારે સત્તા પરિવર્તન સાથે કોંગ્રેસ પક્ષ સત્તામાં આવશે તો ગુજરાતના કર્મચારીઓને વિશેષ સવલતો સાથે ઉચ્ચ પગાર ધોરણો સહિત નવા સુધારાઓની ગુજરાત કોંગ્રેસ દ્વારા આજે બપોરે ૧૨.૦૦ કલાકે જાહેરાત થતા જિલ્લા પંચાયત ખાતે જિલ્લાભરના કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ કર્મચારીઓ માટે થયેલ વિશેષ જાહેરાતને વધાવી ભવ્ય આતશબાજી યોજી હતી. આ બાબતે વધુ વિગતો આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહીલ અને કેમ્પેઈન કમિટીના ચેરમેનશ્રી શંકરસિંહજી વાઘેલા સહિત વરિષ્ઠ આગેવાનો દ્વારા ગુજરાત ભરના કર્મચારીઓ માટે વિશેષ સવલતોની જાહેરાત કરી હતી. જેમાં ફીક્સ પગાર અને કરાર આધારિત નિમણૂંકોને બદલે નિયમિત પગાર ધોરણોવાળી ભરતી થશે. ફીક્સ પગાર પ્રથા સર્દતર બંધ કરાશે. રાજ્યના તમામ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના અમલ સાથે વિસંગતાઓ દૂર કરી કેન્દ્ર સરકારના ધોરણે અમલ કરવામાં આવશે. રહેમરાહે નોકરીઓ આપવાની યોજના પુનઃ શરૂ કરવામાં આવશે. તદ્ઉપરાંત મધ્યાહન ભોજન યોજના, આંગણવાડી વર્કર અને આશાવર્કરોને કેન્દ્રના ધોરણે લાભ આપવામાં આવશે તેવી વિવિધ જાહેરાતોની વિગતો આપી હતી.

ગાંધીનગર ખાતે ઉક્ત જાહેરાતને વધાવવા માટે જિલ્લા કોંગ્રેસના આગેવાનો સર્વશ્રી ડૉ. સી.જે. ચાવડા, જશુભા રાણા, નીશીતભાઈ વ્યાસ, મંગીબેન પટેલ, ભીખીબેન ઠાકોર, મહેન્દ્રસિંહ રાણા, ધુળાજી ઠાકોર, બાબુસિંહજી ઠાકોર, મુકેશભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, ચિમનભાઈ વીંઝુડા, હિમાંશુભાઈ પટેલ, અશ્વિનભાઈ બારોટ, સૂર્યસિંહ ડાભી, જુગાજી ઠાકોર, બાબુજી ઠાકોર, ગમાજી ઠાકોર, જગદીશ પટેલ, બાબુસિંહ ઝાલા, જયંતિભાઈ પટેલ, કનુસિંહ વાઘેલા, હીનાબેન પટેલ, રામાજી ઠાકોર, મુલચંદભાઈ રાઠોડ, યાકુબભાઈ મનસુરી, હર્ષજીત પંડ્યા, હસમુખ મકવાણા, ભુપેન્દ્રસિંહ રાઠોડ, જયદીપ ઠાકોર, ભાવેશ દેસાઈ, અંકિત બારોટ વગેરે આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેવું અખબારી યાદીમાં પ્રવક્તા સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું હતું.

અમદાવાદમાં બે ઈંચ વરસાદથી જ ચારે બાજુ પાણી ભરાયાં

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં આજે પણ આખો દિવસ ધીમી ધારે વરસાદ પડ્યો હતો. અને નીચાણવાળા વિસ્તારોમાં પણી ભરાઈ ગયા હતા. આજે દિવસ દરમિયાન શહેરમાં સરેરાશ ૪૨.૦૬ મીમી અને મોસમનો કુલ સરેરાશ ૩૦૧.૩૯ મીમી વરસાદ નોંધાયો છે. શહેરમાં આજે વિવિધ વિસ્તારોમાં ૪૨ ઝાડ પડી ગયા હતા, એક ભૂવો પડ્યો હતો. અને ચાર ભયજનક મકાનો પડ્યા હતા. શહેરના પૂર્વ ઝોનમાં ૪૨.૬૭ મીમી, પશ્ચિમ ઝોનમાં ૫૩.૬૭ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૨૮.૫૦ મીમી, મધ્ય ઝોનમાં ૩૮.૦૦ મીમી ઉત્તર ઝોનમાં ૪૮.૫૦ મીમી અને દક્ષિણ ઝોનમાં ૪૧.૦૦ મીમીનો સમાવેશ થાય છે. શહેરમાં કુલ ૭ અન્ડરપાસ આવ્યા છે જે પૈકી નીચે જણાવેલ અન્ડરપાસોમાંથી પમ્પો પુરેપૂરી ક્ષમતાથી ચલાવવા છતાં પણ ભારે તીવ્રતાથી વરસાદ પડતો હોઈ ટ્રાફિકની સલામતી ખાતર ટેમ્પરરી બંધ કરવામાં આવ્યા છે જેમાં અખબારનગર અન્ડરપાસ, કુબેરનગર અન્ડરપાસ, પરિમલ ગાર્ડન અન્ડરપાસ, પશ્ચિમઝોનમાં નવજીવન પ્રેસની પાછળ રેલવેની સમાંતર એક તરફ નો ભાગ બંધ કરવામાં આવ્યો છે. દક્ષિણ ઝોનમાં પુનિતનગર રેલવે ક્રોસીંગથી દેવીમા સાયકલ સુધીનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. ભૈરવનાથ મિલ્લતનગર તરફ જતો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. ઉત્તરઝોનમાં કુબેરનગર અન્ડરપાસ પાસેનો રસ્તો બંધ છે. ઉત્તરઝોનમાં સૈજપુર ગરનાળા પાસે ભરાયેલા પાણીના કારણે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. એ.એમ.ટી.એસ. તથા બી.આર.ટી.એસ. ના તમામ રૂટ કાર્યરત છે. ફક્ત ૩ થી ૪ જગ્યાએ ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે. તા. ૧૨.૦૮.૧૨ના રોજ પડેલ ભારે વરસાદના કારણે શહેરના તમામ પમ્પીંગ સ્ટેશનો પુરેપૂરી ક્ષમતાથી ચલાવી ૩૩૩૩ લાખ ગેલન પાણીનો નિકાલ કરવામાં આવ્યો છે. આજે શહેરના તમામ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પુરી ક્ષમતાથી હાલમાં ચાલુ છે. ખારીકટ કેનાલ ઉપર આવેલા ૧૮ જેટલા સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો દ્વારા તેમજ સમ્પ દ્વારા ૪૬૬ લાખ ગેલન પાણીનો નિકાલ કરવામાં આવ્યો છે. સાબરમતી નદીની સપાટી વાસણા બેરેજ પાસે ૧૩૬.૫૦ ફૂટ હતી. જે અમદાવાદ શહેરમાં પડેલા ભારે વરસાદનો નિકાલ સરળતાથી થાય તે હેતુથી બેરેજની સપાટી ઘટાડવા માટે ઈરીગેશન ખાતે જણાવવામાં આવેલું જે અત્યારે ૧૩૪.૦૦ ફૂટ લેવલ છે. અને ૧૬૦૦૦ ક્યુસેક પાણીનો નિકાલ વાસણા બેરેજના દરવાજા ખોલી નદીમાં કરવામાં આવ્યો છે. શહેરમાં કુલ ૫૫ જગ્યાઓએ રોડ ઉપર પાણી ભરાયેલા જેનો ઝોનલ લેવલે ઉપરી અધિકારીઓ તેમજ મજુર લેવલ સુધીનો સ્ટાફ મુખ્ય રસ્તાઓ પહોંચી ગયેલા અને કેચપીટો, નીકો અને મેનહોલ દ્વારા ભરાયેલા વરસાદી પાણીના નિકાલની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

સમાચાર ઝલક

- **સ્વાતંત્ર્યદિને માનવ બોમ્બના હુમલાની ધમકી, સમગ્ર દેશને હાઇ એલર્ટ કરાલેય છે.**
- **લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવી જોઇએ : અડવાણી.**
- **ત્રીજો મોરચાની તૈયારીમાં લાગી ગયેલા નેતા : મુલાયમસિંહ**
- **પાલનપુરના યુવાનને લેતીદેતીના મામલે બલરામ-ચિત્રાસણી વચ્ચે જીવતો સળગાવ્યો, હાલત ગંભીર.**
- **દુષ્કાળની આપત્તિને અવસરમાં પલટવાનું આહ્વાન કરતાં શ્રી નરેન્દ્રભાઇ મોદી.**
- **અંબાજીમાં શહીદના કવોટામાં ફાળવાયેલ ગેસ એજન્સી અન્યને પધરાવી દેતાં એજન્સીનો પરવાનો રદ્દ.**
- **મુંબઇના આઝાદ મેદાનની હિંસામાં માટે રપથી વધુ લોકોની ધરપકડ, તપાસનો દોર ચાલુ.**
- **પાકિસ્તાનની અવળચંડાઇ અનેક ભારતીય ચોકીઓ પર ગોળીબાર.**
- **પેટ્રોલના ભાવમાં વધારો થવાની શક્યતા.**
- **જન્માષ્ટમી પર્વનાં દહીં-હાંડીએ બેનો ભોગ લીધો, ૧૫પથી વધુ લોકો ઘાયલ.**
- **અમેરિકામાં ઓકલાહોમા શહેરમાં પાંચ ભારતીય ઇજનેરોનું અકસ્માતમાં કરૂણ મોત.**
- **ઐતિહાસિક, યાદગાર લંડન ઓલમ્પિક સંપન્ન.**
- **સાર્વત્રિક વરસાદથી લોકોમાં ખુશી.**

મણિનગરમાં ૨૦૦ ચાંદીના સિક્કાની ચોરીથી સનસનાટી

અમદાવાદ,તા.૧૩

મણિનગર વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. જેમાં તસ્કરોએ મણિનગરની પટેલ સોસાયટીમાં ૨૦૦ ચાંદીના સિક્કા, એક-એક કિલોની ત્રણ ચાંદીની મૂર્તિ સહિત લાખો રૂપિયાની મત્તાની ચોરી કરી છે. આ મામલે મણિનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મણિનગરના જવાહરચોક પાસે આવેલી પટેલ સોસાયટીમાં રશમીભાઈ બાબુભાઈ સોની પરિવાર સાથે રહે છે. તેઓ ૫ ઓગસ્ટથી ૧૧ ઓગસ્ટ દરિમયાન બહાર ગયા હતા. જ્યારે તેઓ પરત આવ્યા ત્યારે તેમની બારીની જાળી તુટેલી હતી. તેમણે અંદર જઈ જોયું તો સામાન પણ અસ્ત વ્યસ્ત હતો અને તિજોરીમાંથી ચાંદીના ૨૦૦ નંગ સિક્કા, ચાંદીની લગડી, ગણપતિ અને લક્ષમીજી તથા વિષ્ણુ ભગવાનની ૧-૧ કિલોની ચાંદીની મૂર્તિ તથા સોનાનું મગળસુત્ર, સોનાની ચાર બંગડી તથા રોકડ રપિયા ૩.૫૦ લાખની ચોરી થઈ હતી.

આ મામલે તેમણે મણિનગર પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ ડોગ સ્કોડ અને એફએસએલ સાથે ઘટના સ્થળે આવ્યા હતા. જોકે, ડોગ સોસાયટીની બહાર આવી ઉભા રહી ગયા હતા. જેથી આરોપીઓ વ્હીકલ લઈને આવ્યા હોવાનું પોલીસ પ્રાથમિક તપાસમાં જણાવી રહી છે.બીજી તરફ આ ઘટનામાં કોઈ જાણભેદુ પણ સંડોવાયેલા હોવાની શક્યતા પોલીસ સેવી રહી છે. પોલીસે વિવિધ પાસા અંગે માહિતી મેળવી તપાસ હાથ ધરી છે.

જિલ્લાની રચના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહત્વની છે. ઉપરાંત પાકિસ્તાની જેલમાં કેદી તરીકે પકડાતા ગુજરાતના માછીમારોના કુટુંબને હાલ મળતા દૈનિક નિર્વાહ ભથ્થાની રૂા. ૫૦ની રકમ ત્રણ ગણી

વધારીને દૈનિક રૂા. ૧૫૦નું ભથ્થું ચૂકવાશે તથા સાગરખેડૂ માછીમાર કુટુંબોની બહેનો-માતાઓને પણ આર્થિક ઉપાર્જન પ્રવૃત્તિમાં જોડવા માટે મિશન મંગલમ પ્રોજેક્ટ હેઠળ સી-વિડમાં જોડાશે. આ માટે સાગરખેડૂ મહિલાઓના સખીમંડળો ૫૦૦૦ જેટલા બનાવાશે. સી-વિડ માટે આ સખીમંડળોને તાલીમ અપાશે. બેન્ક લિન્કેજની વ્યવસ્થા કરાશે. મત્સ્યોદ્યોગ વિકાસ માટે નવું સૂત્રપાડા ફિશરીઝ હાર્બર પોર્ટનું નિર્માણ થશે. અને ગુજરાત સરકારના મરીન પોલીસ ફોર્સની ભરતી માટે સાગરખેડૂ નવજવાનોને તાલીમ સુવિધા આપી ભરતીમાં અગ્રીમતા અપાશે. જે સાગર ખેડૂઓએ ગગનભેદી નારા સાથે વધાવી હતી. પવિત્ર શ્રાવણ મહિનાના સોમવારે સૌરાષ્ટ્રના સાગરકાંઠે ઐતિહાસિક સોમનાથ તીર્થમાં આ સાગરખેડૂ સંમેલનમાં વિરાટ માનવસાગર ઉમટ્યો હતો. ભગવાન સોમનાથના દર્શન કરી નરેન્દ્ર મોદીએ આ સાગરખેડૂ મહેરામણની શક્તિનું અભિવાદન કર્યું હતું. સાગરખેડૂ યોજના અંતર્ગત વિવિધ સાધન સહાયનું વિતરણ તેમણે કર્યું હતું. જૂનાગઢ જિલ્લાના વેરાવળ-કોડીનાર-ઉના નગરો માટે ભૂગર્ભ ગટર યોજના અને પાણી પુરવઠા યોજનાના ભૂમિપૂજનોના ચાર પ્રોજેક્ટ માટે રૂા. ૨૨૮ કરોડના ખર્ચે કરવામાં આવ્યા હતા.

ચાર ઈંચ વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રામતળાવોમાં પાણીની આવક વધવા પામી છે. ચિલોડા વિસ્તારના તળાવમાં પણ પાણી ઓવરફલો થઈ સાબરમતી નદીમાં વહી રહ્યું છે. તો જિલ્લાના ઘણા બધા ગ્રામ્ય તળાવો લગભગ છલોછલ થઈ જવા પામ્યા છે.

દરમ્યાન હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યાનુસાર મધ્યપ્રદેશમાં ઉભા થયેલ લોપ્રેશરની સિસ્ટમ ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે સ્થીર થઈ હોવાથી આગામી ૪૮ કલાકમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં હળવાથી ભારે વરસાદ થવાની શક્યતાઓ છે.

આજે બપોરના સમયે વરસાદે થોડોક વિરામ લીધો હતો પરંતુ પાછો સાંજના સુમારે તેનું પુનઃ આગમન થઈ જવા પામ્યું છે. મળતા અહેવાલો પ્રમાણે આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં દહેગામમાં ૧૧૦ મિ.મિ., ગાંધીનગરમાં ૬૩ મિ.મિ., માણસામાં ૬૧ મિ.મિ. તેમજ કલોલમાં ૭૫ મિ.મિ. જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લાના ત્રણ તાલુકાઓ અછતના સંકટમાંથી ગઈકાલે જ બહાર આવી ગયા હતા. કલોલ તાલુકામાં આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૪૭ મિ.મિ. જેટલો વરસાદ થઈ ચુક્યો છે. આમ સમગ્ર જિલ્લા પરથી અછતનું સંકટ ટળી જવા પામ્યું છે.

આજે વહેલી સવારે કોબા-રાયસણ માર્ગ પર એક જુનુ વૃક્ષ ધરાશયી થયાના અહેવાલો મળ્યા હતા પરંતુ વન વિભાગ દ્વારા તે તાત્કાલિક ખસેડી લેવામાં આવ્યું હતું. આ વૃક્ષ ધરાશયી થતાં ટ્રાફિકને કોઈજ વિપરીત અસરો થઈ ન હતી કે કોઈ પણ પ્રકારની જાનહાનિ થવા નહિ પામી હોવાનું કંટ્રોલરૂમના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ શ્રાવણની હેલીથી હરખાયેલા ખેડૂતોએ દિવેલા, મરચી, ટામેટા, વરિયાળી જેવા પાકોના વાવેતર માટેની તૈયારીઓ પણ આરંભી દીધી છે. વરાપ નીકળતાં જ વાવણીનો બીજો તબક્કો શરૂ થઈ જશે.

શહેરમાં અને જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમ્યાન સરેરાશ પાંચ ઈંચ જેટલો વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠવા પામી છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે.

વરસાદના આગમનને પગલે જિલ્લામાંથી જળસંકટ પણ ટળ્યુ છે. જો કે હજુ સાબરમતી નદીના વિસ્તારમાં પાણીની આવક જોઈએ તેવી થયેલી જોવા મળી નથી.